॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૬૮, જાન્યુઆરી–૨૦૨૫, રૂા. ૫.૦૦/–

## ગામ ફોટડીના પ. ભ. ભીમજીભાઇ હરજી ભૂડીયા પરિવાર દ્વારા ભુજ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પંચદિવસીય શ્રી સત્સંગિભૂષણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ ધામધૂમથી ઉજવાઇ ગયો.















॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૪ અંક-૧૧ જાન્યુઆરી-૨૦૨૫
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૬૮

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૩ |
| લેખ | ૫ |
| સત્સંગ સમાચાર-દેશ | ૭ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૫ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

સૃષ્ટિ પર જીવસૃષ્ટિ સ્વસ્થતાથી જીવી શકે અને જીવતાં જીવતાં પોતાની ઉન્નતી કરી ફરી પાછી પ્રકૃતિમાં જ્યાંથી તે છૂટ્ટી પડીને પૃથ્વી પર કર્મો ભોગવવા આવેલ, તેમાંથી મુક્તિ મેળવી ફરી પાછી પોતાના પિતૃ વતને જઇ શકે. આને માટે પ્રભુએ પૃથ્વી પટ પર ઋતુચક્રની વ્યવસ્થા ગોઠવી છે, અને તેમાં ત્રણ ઋતુઓમાં વળી બે-બે પેટા ઋતુઓ પણ રાખી છે. કુલ્લ નવ ઋતુઓ.

**શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત, વર્ષાએ વાગડ ભલો, કચ્છડો બારે માસ.**

ગુજરાતના ભૌગોલિક વસ્તારમાં કચ્છનું આગવું સ્થાન છે, અને તેથી જ અવતારોના અવતારી શ્રીસહજાનંદ સ્વામી મહારાજ ભુજમાં લાંબુ રહ્યા, ભુજના હમીરસરોવર તળાવમાં સ્નાન પણ કર્યાં. કચ્છમાં બારેય માસ ઋતુઓ સહનિય હોય છે. જેમ સદાય સુખ-દુઃખમાં સંસારી જીવોને સંસાર જ પ્રિય લાગે છે.

**સૃષ્ટિના જીવો પ્રભુને તલસે, સંસાર અષ્ટપગી જેમ પકડે;**
**સત્સંગી જો માને સાધુની વાતો, ભગવો કરે અનેરો જાદૂ ત્રાતો.**

આવા સંસારને ત્યજીને આજીવન છોડી ગયેલા પુરુષો-સ્ત્રીઓને ભગવાં પહેરીને જ્યાં પરમાત્માની બેઠક તે મંદિરમાં સમગ્ર જીવન ગુજારવું જ અતિ ઉત્તમ લાગે. તેમનું ઋતુચક્ર ભગવો, સત્સંગીઓને મંદિર-મૂર્તિ અને મંદિરમાં પ્રભુની આરતી, પૂજા, ત્રિકાળ સંધ્યાઓ અને સંસારીઓના ઉત્કર્ષમાં આનંદ, પ્રમોદને ઉલ્લાસ.

**સાધુની ભગવાની માગ, સ્વયંનું તર્પણ કરી કર્યો ત્યાગ; મંદિરમાં બેસી રોજ ઉડાડે, ભગવાનનો રંગબેરંગી ફાગ.**

આમ સંસારના સર્વ સંબંધો ત્યાગી ભગવા રંગના વૈચારિક, કાર્મિક ફાગ ઉડાડવા પ્રભુએ તેમને જન્મચક્રમાં અંતિમ જન્મ આપ્યા જેવું લાગે છે.

સંસારીઓ દરરોજ રંગેચંગે ફાંકડા કપડાં પહેરીને ફરતા હોય ને જન્મદિન, લગ્નની વર્ષગાંઠ અને તમામ શુભ પ્રસંગોએ હાંફલહુંફલમાં જ પડ્યા હોય. તેમને મળનાર જો કોઇ તેમના અમસ્થા જ વખાણ કરે તો તેમના ગળાના કોલર ઉંચા થઇ જાય ને સાડલાનો પાલવ ફડફડાટ કરતો ઝૂલી જાય...! આનું નામ છે માયાવી સંસાર.

ભક્ત નરસિંહ મહેતાએ કહ્યું છે, હું કરું હું કરું એજ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે...!

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના ઉત્તમ કવિ અને એકાંતિક ભક્ત શ્રીનિષ્કુળાનંદ સ્વામીએ ભાવિ પેઢીનું માર્ગદર્શન કરવા શ્રીનિષ્કુળાનંદ કાવ્ય ગ્રંથના ૩૮૦ માં પાને જે શ્રીહરિપ્રેમ કર્યો છે, તે જ અત્રે પ્રસ્તુત કરી દઉં.

**૧- જેનું તન મન માન્યું ત્યાગ રે, ભક્તિધર્મ આવે છે । તેના વચન વિંટ્યા વૈરાગ્યે રે, અંતરમાંથી આવે છે ॥**
**૨- શીલ સંતોષ ને વળી શાંતિ રે, એમાં રહીને બોલે છે । ધીરજતા કહી નથી જાતી રે, જ્ઞાન ધ્યાનમાં ડોલે છે ॥**
**૩- એવા સંત સહુના સગા રે, પર ઉપકારી પૂરા છે । જેના દલમાં નહિ દગા રે, સત્ય વાતમાં શૂરા છે ॥**
**૪- વળી હેત ઘણું હૈયે રે, આંખે અમૃત વરસે છે । કહે નિષ્કુળાનંદ શું કહીએ રે, એ જન જાઇ હરિ હરખે છે ॥**

શ્રીનિષ્કુળાનંદ સ્વામીએ આ ઉત્તમ પંક્તિઓ શ્રીહરિની પ્રસન્નતા માટે તો લખી જ છે. અને મંદિરમાં નિર્દોષભાવે આંટાફેરા કરતા સત્સંગીઓને હળવેકથી, સીફકતાપૂર્વક સંસાર પ્રત્યે ઉદાસીનતા લાવી પ્રભુમય બનવા જાગ્રત કર્યા છે.

**ભગવો દેખી, પાપી ભાગે, સંસારી સાધુની ઓરે આવે; ભગવો વંદી ભવ સુધારે, સાચો એકાંતિક પ્રભુ પામે.**

# શિક્ષાપત્રી શ્લોક-૧૯

- રવિન્દ્ર બી. સોલંકી

## જગન્નાથપુરીનો મહાપ્રસાદ માહાત્મ્ય

આપણા ભારતની અંદર તીર્થસ્થાનોનું ખૂબ માહાત્મ્ય ગવાયું છે. આપણા હિન્દુ ધર્મના ચાર ધામ પૈકીનું એક મંદિર એટલે કે, જગન્નાથપુરી. ભારતના બધાજ તીર્થસ્થાનોને બાદ કરતા સૌથી પહેલી વહેલી મંગળા આરતી જગન્નાથધામમાં થાય છે. (જગન્નાથપુરી ભારતના પૂર્વ બાજુ આવેલ હોવાથી ત્યાં સુર્યોદય વહેલો થાય છે. કલકતા અને કચ્છ બંનેના સુર્યોદય અને સુયાસ્તમાં ઘણો અંતર છે.)

કાષ્ઠ નિર્મિત ત્રણેય વિગ્રહ બલભદ્રજી, સુભદ્રાજી, જગન્નાથજી, ભૂદેવી(સત્યભામા), શ્રીદેવી(મહાલક્ષ્મી) અને નીલચક્રના દર્શન રત્નવેદી પર થાય છે. દર્શન કરી ભક્તો ઘણી ધન્યતા અનુભવે છે.

હવે મૂળ વાત કરીએ...જગન્નાથજીના મહાપ્રસાદના માહાત્મ્યની. આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીસહજાનંદ સ્વામી મહારાજે આજ્ઞા કરી છે કે, જગન્નાથજીનો પ્રસાદ લેવા તેમાં દોષ નથી.

'અને જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ તે ખપતું ન હોય, તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી-ચરણામૃતના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું. અને જગન્નાથપુરીને વિષે જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેનો દોષ નહિ.' 'શિક્ષાપત્રી શ્લોક-૧૯'

લોકવાયકા પ્રમાણે કહેવાયું છે કે, ભગવાન શ્રીહરિ વિષ્ણુ તપ બદ્રિનાથમાં કરે છે. સ્નાન રામેશ્વરમાં કરે છે. શયન દ્વારિકામાં કરે છે. અને જગન્નાથપુરીમાં ભગવાન ભોજન કરવા માટે પધારે છે. માટે જ તો જગન્નાથપુરીનો પ્રસાદ માહાત્મ્ય બધાજ તીર્થસ્થાનો કરતાં અગ્રસ્થાને રહ્યો છે. જગન્નાથરપુરીમાં દરરોજ ભગવાન પાસે ભાતોત્સવ ઉજવાય છે. મહાપ્રભુના પ્રસાદમાં રાંધેલા ભાતનો મહિમા અનેરો છે. ભારતના કેટલાક એવા મંદિરો છે. જેમાં રસોડામાં આધુનિકતાનો સમનવય જોવા મળે છે, પરંતુ (શંખપુરી) જગન્નાથ મંદિરમાં આજની તારીખમાં પણ ભગવાનનો પ્રસાદ સાદા ચૂલામાં રાંધવામાં આવે છે. એટલું જ નહિં પણ મહાપ્રભુના પ્રસાદને રાંધવા માટેના પાત્ર માટીના હોય છે. નાની-મોટી એવી ભાતની હાંડલીઓ ચૂલા ઉપર એક પછી એક એમ સાત હાંડલીઓ ચડાવાય છે. મહાપ્રભુનો માહાત્મ્ય જ એવો છે કે, ચૂલા ઉપર મૂકેલી સાતેય હાંડલી એક સામટી સરસ રીતે રંધાઈ જાય છે. જેમાં નીચેની હાંડલીના ભાત બળતા નથી અને ઉપરની હાંડલીના ભાત કાચા પણ રહેતા નથી. સાતેય હાંડલીના ભાત આરોગવા લાયક સરસ રીતે રંધાઈ જાય છે. બસ, આજ તો છે મહાપ્રભુ જગન્નાથજીનો સાક્ષાત ચમત્કાર.

સુકો પ્રસાદ રાખવા માટે વાંસના ગુંથેલા સુંદર મજાના નાના મોટા ટોપલાઓ આજની આધુનિકતામાં સાત્ત્વિકતા પ્રદર્શિત કરે છે. ભાતની સાથે સાથે પ્રસાદમાં કર્માબાઈની ખીચડી, માલપુવા, વિવિધ કઠોળના શાક, લીલા શાક, દાળ, રબડી, અલગ અલગ સ્વાદના લાડુ અને વઘારેલી છાશ મુખ્ય છે. જગન્નાથજીમાં જે જગ્યાએ પ્રસાદનું વિતરણ થાય છે એ સ્થાનને આનંદ બજાર કહેવાય છે. ભક્તો હોંશે હોંશે મહાપ્રભુ જગન્નાથજીએ આરોગેલો પ્રસાદ લઈ દિવ્યતાની લાગણી અનુભવે છે. 'જગન્નાથજીના જે ખાય ભાત, તેના ખુલી જાય મોટા ભાગ્ય' સાથે સાથે આનંદ બજારમાં અડધા પકાવેલા ભાતને લાલ કપડાંની પોટલી બનાવી વહેંચવામાં આવે છે. જેને ભક્તો પોતાના ઘરે લઈ જઈને અન્નકોઠારમાં મૂકી મહાપ્રભુ પાસે કાયમ અન્નકોઠારમાં વૃદ્ધિ રહે એવી પ્રાર્થના કરે છે. ભક્તો જગન્નાથપુરીના મહાપ્રસાદના માહાત્મ્ય ગાથાની સાથે 'જગન્નાથ સ્વામી નયનપથગામી ભવતુ મે' હે જગન્નાથ સ્વામી ! મારા નેત્રપટ ઉપર વિરાજમાન થઈ આપ મને સાચો માર્ગ દેખાડો. જય જગન્નાથ મહાપ્રભુ.

## સાચું સુખ ક્યાં છે ?

- પ્રીતિબેન કરસનભાઈ પોકાર

સંસારમાં મનુષ્યો માત્ર સુખની આશા સેવે છે. કોઈને દુઃખ જોઈતું નથી. પણ સુખ છે ક્યાં ? નથી મનુષ્ય લોકમાં સુખ કે નથી દેવ લોકમાં સુખ. પણ સાચું સુખ છે શ્રીહરિના શરણમાં. અને તેને પ્રાપ્ત કરવા માટે ધનની જરૂર નથી પણ જરૂર છે પ્રભુ ભજન-હરિના સ્મરણ. ભક્તિમાર્ગ ગ્રહણ કરી તેમના ચરણકમળનું ધ્યાન કરી તેમનાં દુર્લભ દર્શન પામવાને ભાગ્યશાળી બનીએ અને સાચા સુખને પ્રાપ્ત કરી શકીએ.

સંસારના એશારામ અને ભોગવિલાસી જીવન એ સાચું સુખ નથી. એ માર્ગમાં કાંટા સિવાય કાંઈજ નથી. ફક્ત ક્ષણના આનંદને સાચું સુખ કેમ કહી શકાય ? ધર્મનું ઉલ્લંઘન કરીને જે વર્તે છે તેને સાચા સુખની પ્રાપ્તિ થતી નથી. નિતિ-નિયમ વિનાનું વિલાસી જીવન જીવવું એ સાચું સુખ નથી.

ધર્મનું ઉલ્લંઘન કરીને જે વર્તે છે તેને અંતકાળે દુઃખ સિવાય કંઈજ પ્રાપ્ત થતું નથી. જ્યારે ધર્મને સેવનારાઓ સ્વચ્છ અને પવિત્ર ભાવનાવાળા લોકોના ઈચ્છેલા સર્વે સંકલ્પો સફળ થાય છે. પ્રભુ ભજનની મસ્તીમાં તેઓ પોતાના સર્વે દુઃખો ભુલી જાય છે. અને તેમના જીવનમાં સુખ-શાંતિ પ્રાપ્ત થાય છે. જેમ પક્ષીઓ સરોવરનો ત્યાગ કરતા નથી તેમ સ્વામિનારાયણ ભગવાન પોતાના શ્રદ્ધાળુ ભક્તોનો કદીએ ત્યાગ કરતા નથી. તેઓ પોતાના ભક્તોની પૂરેપૂરી સંભાળ રાખે છે.

હે મોહમાયામાં ગુંચવાયેલા માનવીઓ! જાગૃત થઈ વિચારો કે આ ભૌતિક જગતના તમામ સુખો આંખના પલકારામાં નાશ પામશે. ઘડીના છઠ્ઠા ભાગમાં કરોડપતિ રોડપતિ થઈ જાય છે. માટીની આ કાયા સહેજે અથડાતા ફૂટી જશે. માટે સમજી વિચારીને ધર્મ પ્રત્યે શ્રદ્ધા અને ભાવના ધરી પ્રભુ ભજનમાં લાગી અને શ્રીહરિના સ્મરણ દર્શન પામીએ. પછી ભૌતિક અને આધ્યાત્મિક સુખને સરખાવશો તો જણાશે કે સાચું સુખ આધ્યાત્મિક જીવનમાં પ્રાપ્ત થાય છે.

ધર્મ વગરના સર્વે સાધનો ફળદાયી ન નીવડે. માટે સાચા સુખને પ્રાપ્ત કરવા માટે નિરંતર ધર્મનું સેવન આચરણ કરવું જેથી દરેક શુભ કાર્યો સિદ્ધ થાય. દરેક શુભ સંકલ્પો ફળદાયી નીવડે. આદરેલા દરેક કાર્યોમાં સફળતા મળે તે ઉપરાંત ઉચ્ચ અને સ્વચ્છ વિચારોની પ્રાપ્તિ, માનસિક શાંતિ મળે છે. આધ્યાત્મિક જીવન એ ઉત્તમ અને સુખમય જીવન છે. જ્યારે ભોગવિલાસી જીવન દુઃખદાયક છે.

માટે ભક્તિ માર્ગ ગ્રહણ કરી, નામ સ્મરણ કરતા શ્રીહરિને શરણે જઈ સાચા સુખને પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બનીએ.

## સંતનો મહિમા

- ધરમશીભાઈ દેવશી ભગત

મહારાજ એક વખત સંતો પ્રત્યે બોલ્યા હે પરમહંસો ! તમારામાં એવી શું મોટપ છે તે કહો. કોઈ સંતો બોલ્યા નહિ પછી શ્રીહરિ કહે લો અમે જ કહીએ તમે તમારી મોટપ જાણતા નથી. અક્ષરધામમાંથી લાખ મણનો લોઢાનો ગોળો રેડવ્યો હોય તે અહિયાં આવતાં વાયુના લસરકે

ઘસાતો ઘસાતો એક રજકણ જેવડો થઈ જાય આટલે છેટે અક્ષરધામ છે ને અહિંનો અલ્પ જેવો જીવ એ ધામને પામો એવો તમે જો સંકલ્પ કરો તો એ જીવ જરૂર ધામને પામી જાય. તમારા સંકલ્પને કાળ, કર્મ ને માયા પણ બાધ ન કરે આવું બળ તમારા સંકલ્પમાં છે પણ તમે તમારી મોટપ જાણતા નથી. તમે આ ધરા પર કોઈના દીકરા થયા, કોઈના ભાઈ થઈ અમારા ભેળા નિર્માની થઈ ગામડાંમાં ફરો છો. તમને જે કોઈ ભાવથી જમાડે તેને કોટી યજ્ઞનું ફળ મળશે. તમારા ચરણનો સ્પર્શ કરશે તેના અનંત જન્મોના પાપ બળી જશે. તમે જે નદી, તળાવ કે વાવમાં સ્નાન કરશો તે તીર્થરૂપ બની જાય છે. ભગવાન શંકર અને સતી પાર્વતિજી એક વખત વનમાં જતાં હતાં ત્યાં એક ઝાડને જોઈ શંકર ભગવાને તેને દંડવત્ કરવા લાગ્યા ત્યારે પાર્વતિજી કહે કોને દંડવત્ કરો છો ? શિવજી કહે આજથી હજાર વર્ષ પૂર્વે નારદજી અહિંથી પસાર થતાં આ ઝાડ નીચે ઘડીક બેઠા હતા એવી આ પ્રસાદીની ભૂમિ છે માટે દંડવત્ કરવા યોગ્ય છે. તમે જે વૃક્ષના ફળ ખાધાં હશે તે વૃક્ષનું કલ્યાણ થયું જાણવું. સંતો તો મારી વિભૂતિ છે. સંત જમે તે ભેળો હું જમું રે, સંત ચાલે તે ભેળો હું ચાલું રે. અનંત કોટી બ્રહ્માંડોના ધણી એવા અમે તેને આશરે તમો રહ્યા છો. તમે સ્વતંત્રપણે વર્તતા નથી અમે તમારું સામર્થ છુપાવી રાખ્યું છે જેવું છે તેવું સામર્થ જણાવું તો તમે બધા ભગવાન થઈને પૂજાઓ તેમ છો તમને પૂજાવા માટે અહીં નથી લાવ્યો પણ જગતના પામર જીવોના કલ્યાણ કરવા માટે લાવ્યો છું.

## સાવધાન "શું આપણા સંતાનો અનાથ તો નથી બનતા ને ?"

આજના મા-બાપ વાલીઓ દેખાદેખીથી અને સંપત્તિનું પ્રદર્શન કરવા પોતાના સંતાનો કે જેમની હજુ ઉંમર '૧૬' વર્ષથી પણ ઓછી છે. તેમને મોબાઈલ, મોટર સાયકલ અને પાણીની જેમ વાપરવા માટે પૈસા આપી દે છે. તેના પરિણામો કેટલા ભયંકર-ખરાબ આવે છે તેની તેમને ખબર હોતી નથી.

આપણે ત્યાં એક કહેવત છે કે, "બારે બુદ્ધિ, સોળે સાન અને વીસે વાન જો આવી જાય તો આવી નહિંતર ગઈ મારા બાપ જોડે." એનો અર્થ એવો થાય છે કે, સંતાનોમાં બાર વર્ષની ઉંમરે બુદ્ધિ આવી જાય છે. સોળ વર્ષની ઉંમરે સમજણ, સાર-અસારનો વિવેક આવી જાય છે. અને વીસ વર્ષે તંદરસ્તીરૂપ આવી જાય છે. પણ તેટલામાં ન આવે તો પછી તે આવે કે ન આવે ? તેનો કોઈ ભરોસો નહિં.

આમ વાપરવાની ક્ષમતા વગર સંતાનોના હાથમાં આવેલ આ ત્રણે વસ્તુઓ મોટે ભાગે અનર્થ સર્જે છે. તેના કિસ્સા વર્તમાનપત્રોમાં આપણે વાંચીએ છીએ. સાવધાન ! આપણે ક્યાં જઈ રહ્યા છીએ ? માતાપિતા બંને નોકરી કે ધંધો કરતા હોવાથી ઘરમાં પૈસાની રેલમછેલ હોય છે. સંતાનો આયા-નોકરોના હાથમાં ઉછરે છે. મા-બાપની પાસે આવા સંતાનોને સ્નેહ આપવાનો સમય હોતો નથી.

સ્નેહ ભૂખ્યા આવા સંતાનો ગમે તેની લાગણીના આવેશમાં આવી જાય છે અને ખોટા રવાડે ચડી જાય છે. ઉપભોક્તાવાદના આજના સમયમાં બાળકો ભૌતિક ચીજવસ્તુઓ વાપરતા થઈ જાય છે અને વળી ઈન્ટરનેટના માધ્યમથી તેમનામાં રહ્યા સહ્યા સંસ્કારોની પણ ક્યારેક

હોળી થઈ જાય છે. ટી.વી.ચેનલો પણ તેમને મદદ કરે છે.

બહુ ચર્ચિત કુ.આરુશ્રિ તલવાર દીલ્હી ઊં.વ.૧૪ના ખૂનના કિસ્સાએ આપણને ઉપરની સઘળી બાબતે સતર્ક કરી દીધા છે.

આજકાલ મા-બાપનું જીવન જ ભોગવાદ તરફ અઢળક ઢળતું જતું જણાય છે. ત્યારે તે મા-બાપ બાળકોના ઉછેરની, તેમને સંસ્કાર સિંચનની પોતાની જવાબદારીમાંથી છટકી જઈને તેમને સ્વતંત્રતાના નામે સ્વછંદી બની જવા મોકળું મેદાન પૂરું પાડતાં હોય છે. તે શું નથી જાણતા?

આ બાબતે ગહન ચિંતન કરવાનો સમય પાકી ગયો છે. બાળકો માંગે તે આપવાનું ન હોય, પણ જે યોગ્ય તેજ તેમને આપવું જોઈએ. બાળકો સાથે સમય કાઢીને પણ તેમની લાગણીઓને સ્નેહનો સ્પર્શ આપવો જોઈએ.

આપણી સંયુક્ત કુટુંબ પ્રથા તૂટતી જાય છે પરિણામે દાદા-દાદી, નાના-નાની, કાકા-કાકી વગેરેનું સાનિધ્ય બાળકોનું હિત ઉચ્છતું તે પણ બંધ થતું જાય છે. લાગણી વગરના સંતાનો પાછળથી મા-બાપને જો વૃદ્ધાશ્રમના દરવાજે લઈ જાય તો તેમાં વાંક સંતાનોનો નહિ પણ મા-બાપનો જ છે. સ્નેહ ભૂખ્યા સંતાનો ઉદ્યમવાદી બની જાય છે. પણ આપણા માટે આશાનું કિરણ એ છે કે, આપણે આપણા સંતાનોને સત્સંગના ભરપૂર સંસ્કાર આપીએ અને તે સંતાનોને સતત મંદિર, સત્શાસ્ત્રો, સંતો અને આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યનું મહત્ત્વ સમજાવતા રહેવું જોઈએ. અને તેનું પાલન પણ કરાવવું જોઈએ.

- રમણ ગજ્જર - ભુજ

# સત્સંગ સમાચાર - દેશ

## ભુજ સ્વામિનારાયણ મંદિર ખાતે સત્સંગિભૂષણ પંચાહ્નપારાયણ જ્ઞાનયજ્ઞ



તા.૧૧/૧૨/૨૦૨૪ ભુજ મંદિર ખાતે આજથી સત્સંગિભૂષણ પંચાહ્નપારાયણ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ આજરોજ મોક્ષદા એકાદશીના કરવામાં આવ્યો હતો. મંદિરના પ્રાંગણમાં પોથીયાત્રા સાથે સંતો અને યજમાન પરિવારના સભ્યોએ પોથીને ગ્રહણ કરી વાજતે ગાજતે સભામંડપમાં વયાસપીઠ પર સ્થાપિત કરવામાં આવેલ.



કથાનું દીપ પ્રાગટ્ય ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિદાસજી, સદ્‌ગુરુ સ્વામી જગતપાવનદાસજી, સદ્‌ગુરુ





સુધી આ કથામાં જુદા જુદા ધાર્મિક ઉત્સવો ઉજવવામાં આવ્યા હતા. જેમાં તા.૧૧ ના શ્રીઘનશ્યામ જન્મોત્સવ, તા.૧૨ ના પટ્ટાભિષેક, તા.૧૩ ના પુષ્પદોલોત્સવ, તા.૧૪ ના સવારે પ્રસાદી મંદિરેથી શોભાયાત્રા અને સાંજે અન્નકૂટોત્સવ વિગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ દરમિયાન શોભાયાત્રામાં આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કથાના વક્તા શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી, શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, શાસ્ત્રી સ્વામી શ્રીરંગદાસજી રહ્યા હતા. જ્યારે સંગીતના સૂરો સાથે સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી અને સ્વામી વાસુદેવપ્રિયદાસજી સંગત આપ્યું હતું.

સભાનું સંચાલન શાસ્ત્રી સ્વામી કૃષ્ણવિહારીદાસજી સંભાળ્યું હતું. જ્યારે વ્યવસ્થા કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી, કોઠારી પાર્ષદ ખીમજી ભગતનું માર્ગદર્શન મળ્યું હતું. પાંચ દિવસ ચાલનાર આ કથા મહોત્સવ પ્રસંગે સર્વે હરિભક્તોને લાભ લેવાં સઘરી જાહેર આમંત્રણ અપાયું હતું.

સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી રામસ્વરૂપદાસજી આદિ સંતો તથા મુખ્ય યજમાન ભીમજીભાઇ હરજી ભુડિયા અને બહેનોના વિભાગમાં બહેનોના મંદિરના મહંત સાં.યો. સામબાઇ ફઇ આદિ સાં.યો. બહેનો તથા યજમાન પરિવારના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પૂજ્ય ભુજ મંદિરના મહંત સ્વામીએ જણાવ્યું હતું કે, મનુષ્ય જીવનમાં કથા શ્રવણ એજ ભગવદ્ધામનો સાચો માર્ગ છે જેને શ્રવણ કરવાથી ભગવાનના સ્વરૂપનું સુખ જીવાત્માને પ્રાપ્ત થાય છે.

તા.૧૧ થી ૧૫ ડિસેમ્બર પાંચ દિવસ







## ભુજ પ્રસાદી મંદિરે પારાયણ

દિનાંક ૧૪ થી ૧૮ ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન પ્રસાદી મંદિર ભુજમાં પંચ દિવસીય શ્રીસત્સંગિભૂષણ પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. દિનાંક ૧૫ ના સવારે મહાપૂજા



કરવામાં આવી હતી. સાંજે હમીરસરોવરનું પૂજન કરવામાં આવ્યું હતું. દિનાંક ૨૧ ના રોજ સર્વમંગલ પારાયણ કરનાર ભૂદેવોનું પૂજન તથા ભોજન સાથે દક્ષિણા આપવામાં આવી હતી. સવારે ૯ થી ૧૧ બપોરપછી ૪ થી ૬ દરમિયાન પુરાણી સ્વામી રાઘવમુનિદાસજીએ મધુર શૈલીમાં કથા સંભળાવી હરિભક્તોને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા. પ્રસાદી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી આદિ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી અ.નિ.પ.ભ.વાલજીભાઈ મેઘજી હિરાણી, ધ.પ.અ.નિ.ધનબાઈની પુણ્ય સ્મૃતિમાં તેમજ પિતાશ્રી ગોવિંદભાઈ, માતુશ્રી કાંતાબેનના રાજીપાર્થે



સુપુત્રો પ.ભ.જોગેશભાઈ, ધ.પ.શાંતાબેન, સુપુત્ર ખિલેશભાઈ, ધ.પ.ગીતાબેન, સુપુત્રી અમરબાઈ, પૌત્રીઓ પવની, દેવાંશી, પ્રિયાંશી, પૌત્રો મીત તથા મિહિર, દોહિત્ર ઋષિતા જીનેશ પરિવાર મેઘપર રહ્યા હતા.

યજમાન પરિવારને સંતો રૂડા આશીર્વાદ સાથે મંદિર તરફથી પહેરામણી કરવામાં આવી હતી અને યજમાન પરિવાર ધન્ય થયો હતો.


## હમીરસરોવર પૂજન તથા મહાઆરતી

અ-કોઠારી સ્વામી રામાનુજદાસજી

દિનાંક ૨૨/૧૨ ના રોજ સાંજે હમીરસરોવરનું ષોડશોપચારથી પૂજન બાદ મહાઆરતી કરવામાં આવી હતી. પ્રસાદી મંદિરના શ્રીઘનશ્યામ મહારાજને ૧૫ વર્ષ થતાં પંચદશાબ્દી



મહોત્સવના ઉપલક્ષ્યમાં ૧૫ વાર પૂજન કરવાનું હોઈ આ વિશેષ પૂજન કરવામાં આવ્યું હતું. પ.ભ. સુરેશભાઈ પ્રેમજી ગોરસીયા, ધ.પ.વિજયાબેન, સુપુત્ર રોનક તથા સુપુત્રી રોહિણી સપરિવાર નારાણપર રહી આ લાભ લીધો હતો.





# શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવીમાં પંચાહ્ન પારાયણનું આયોજન હતું



બંદરીય નગર માંડવી શહેરમાં આવેલ સ્વામિનારાયણ મંદિરમાં તા.૧૮ થી ૨૨ સુધી પુરુષોત્તમ પ્રકાશ અને માંડવીનાં લીલા ચરિત્રોની પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા મંદિરના મહંત સાં.યો. રતનબાઈ લક્ષ્મણ વેકરીયા તેમજ તેમનું શિષ્ય મંડળમાં સાં.યો.જશુબાઈ મનજી વેકરીયા, સાં.યો.ભાનુબાઈ ભીમજી પિંડોરીયા, સાં.યો.હંસાબાઈ હિરજી વેકરીયા, સાં.યો.કાન્તાબાઈ માવજી હાલાઈ અને સાં.યો.કલ્પનાબાઈ કરસન ભંડેરી આ છ સાં.યો.બહેનોએ મળીને કથાનું આયોજન કર્યું હતું.

કથાના પૂર્વ દિને માંડવી શહેરમાં ભવ્ય નગરયાત્રા અને પોથીયાત્રાનું આયોજન એક સાથે કરવામાં આવ્યું હતું. નગરયાત્રામાં દાદાની દેરીથી ગ્રંથનું પૂજન કરીને શહેરના મુખ્ય માર્ગેથી નીકળીને મુખ્ય મંદિર સુધી પહોંચી હતી. આ નગરયાત્રામાં ભવ્ય ત્રણ વાહનોને શણગારવામાં આવ્યા હતા. તેમજ યુવક મંડળ, યુવતી મંડળ, બાલમંડળ, બાલિકા મંડળના તમામ યુવાનો અને બાળકોએ પોતાના વાજિંત્ર અને પ્રાચીન પહેરવેશની સાથે ભાગ લીધો હતો. ગામેગામની મંડળીઓ પણ ભાગ લીધો હતો.





સહજાનંદ સભામંડપમાં કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાના પ્રથમ દિવસે પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ પધારીને દર્શન અને આશીર્વાદનો લાભ આપ્યો હતો. તેમજ ભુજ મંદિરના મહંત સદ્ગુરુ સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ સાથે ઉપામહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, ભુજ મંદિરના કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી તેમજ માંડવી મંદિરના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, ગાંધીધામ ગુરુકુળ પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં કથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સંતો અને યજમાનશ્રીઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કથાની શુભ





શરૂઆત થઈ હતી. પ્રથમ દિવસે કથાના વકતા તરીકે પુરાણી સ્વામી શ્યામકૃષ્ણદાસજી, પુરાણી સ્વામી વેદાંતસ્વરૂપદાસજી રહ્યા હતા. તેમજ બીજે દિવસે પુરાણી સ્વામી દેવવિહારીદાસજી રહ્યા હતા. પ્રથમ દિવસે ભુજ મંદિરથી શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી, અંજારથી પુરાણી સ્વામી ભક્તિપ્રિયદાસજી સહિત અનેક સંતો પધાર્યા હતા.

પ્રથમ દિવસના પ્રથમ સત્રમાં વકતાશ્રીએ ભગવાન સ્વામિનારાયણ આજથી ૨૦૦ વર્ષ પહેલાં માંડવીમાં પધાર્યા હતા એમના દિવ્ય ચરિત્રોની કથા સંભળાવી હતી. ભગવાન સ્વામિનારાયણ દ્વારિકાથી વહાણમાં બેસીને સમુદ્ર માર્ગે માંડવી પધાર્યા હતા. અને માંડવીના ભક્તોએ અતિ સુંદર નગરમાં શોભાયાત્રાનું આયોજન કર્યું હતું.

એવું જ આયોજન આજે આ કથા પ્રસંગે માંડવીમાં કરવામાં આવ્યું હતું. બપોરપછીના સત્રમાં વકતાશ્રીએ પુરુષોત્તમ પ્રકાશ ગ્રંથની કથા સંભળાવી હતી. ત્યારપછી માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારપછી પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ પોતાના અંતરના રૂડા આશીર્વચન પાઠવતા જણાવ્યું હતું કે કુટુંબમાં અને સમાજમાં સંપ હશે તો સંપત્તિ અને શાંતિ મળશે. સંસ્કાર અને સત્સંગ તેમજ ભગવાન શ્રીસ્વામિનારાયણ સ્વયં બંધાવેલ મંદિરમાં વિરાજમાન ભગવાન પ્રત્યે નિષ્ઠા રાખવાની ખાસ ભલામણ કરી હતી. તેમજ માંડવીના સત્સંગની વિશેષતા વિશે પણ પોતાના અનુભવની વાત કરી હતી. કલ્યાણને ઈચ્છતા ભક્તોએ એક નિષ્ઠા રાખીને સત્સંગ કરશે તો અવશ્ય



કલ્યાણ થાય છે. હજારોની સંખ્યામાં ભાઈઓ બહેનો ઉપસ્થિત રહીને આ કથાનો લાભ લીધો

હતો. પાંચ દિવસ ચાલનારા આ કથા પ્રસંગમાં દેશ-વિદેશથી મોટી સંખ્યામાં ભક્તો પધાર્યા હતા.

કથાના બીજે દિવસે અતિ ધામધૂમથી બાળપ્રભુ શ્રીઘનશ્યામ જન્મ મહોત્સવ ઉજવાયો હતો. યજમાન પરિવારના બાળકો ઘનશ્યામના સખા બનીને બાળપ્રભુ ઘનશ્યામને પારણે ઝૂલાવ્યા હતા. આ ઉત્સવમાં વાડી વિસ્તારના ચારે કાંધા તેમજ કોડાય, ગોધરા, મસ્કા, આસંબિયા અને કચ્છના અનેક ગામોમાંથી ભક્તો પધાર્યા હતા. મંદિરના કોઠારી સ્વામી સંતજીવનદાસજી, શા.સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી આ ઉત્સવની પૂર્વ તૈયારીઓ અને ઉત્સવ દરમિયાનની રોજીંદી તૈયારીઓ સંભાળી હતી. સભાની તેમજ મંચની સંપૂર્ણ સજાવટ સ્વામી બાલમુકુંદદાસજી અને સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કરી હતી. હરિભક્તો માટે ભોજન પ્રસાદ અને રસોડાની વ્યવસ્થા પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી તથા સ્વામી ત્યાગવલ્લભદાસજી સંભાળી હતી. પાકશાળાની સેવા સ્વામી પુરુષોત્તમચરણદાસજી સંભાળી હતી. માંડવી મંદિરના ટ્રસ્ટીશ્રી અરજણભાઇ સહિત તમામ ટ્રસ્ટીઓ કથા પ્રસંગે ઉપસ્થિત રહીને સેવાનો લાભ લીધો હતો.

કથાના ત્રીજા દિવસે ભુજ મંદિરથી સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી પધારીને આશીર્વચન આપ્યાં હતાં. તેમજ ભુજ પ્રસાદી મંદિરેથી સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, સદ્‌ગુરુ









સ્વામી મુકુંદજીવનદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી તેમજ રાપર ગુરુકુળથી ડો.સ્વામી અક્ષરમુનિદાસજી પધારીને આશીર્વાદ આપ્યા હતા.

ભુજ મહિલા મંદિરના મહંત સાં.યો.સામબાઈ ફઈ તેમજ શિષ્ય સાં.યો. શાંતાબાઈ સહિત માનકુવાથી સાં.યો. નાનબાઈ ફઈ આ કથા પારાયણના ઉત્સવમાં પધારીને યજમાનશ્રી એવાં સાં.યો.બહેનોને આશીર્વાદ આપ્યા હતા.

કથાના ચોથા દિવસે ભવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માંડવી વિસ્તારના તમામ કાંધાઓના યુવક મંડળના યુવાનો તેમજ યુવતીઓએ ભાગ લીધો હતો. હરિભક્તો અને સંતો પણ રાસમાં સાથે રમીને ભગવાનને રાજી કર્યા હતા.

દિનાંક ૧૫ ના અગિયાર કુંડાત્મક યજ્ઞ કરવામાં આવ્યો હતો જેમાં ૬૦ યજમાનશ્રીઓ ભાગ લીધો હતો. સર્વમંગલ નામવલિમાં રહેલાં ભગવાનનાં હજાર મંત્રો તેમજ જનમંગલ નામવલિના ૧૦૮ મંત્રોથી આહુતિઓ આપીને ભવ્ય યજ્ઞ કરાયો હતો.

સભાનું સંચાલન ડો.શાસ્ત્ર સ્વામી સત્યપ્રસાદદાસજી તેમજ શાસ્ત્રી સ્વામી કૃષ્ણજીવનદાસજીએ સંભાળ્યું હતું.



## ભુજ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ મંદિર ભારાપર-માંડવી મધ્યે મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો

સંવત-૨૦૮૧ માગસર સુદ ૧૦ થી ૧૪ દિનાંક ૧૦ થી ૧૪ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન ભારાપર મધ્યે નવનિર્મિત શ્રીસ્વામિનારાયણ મંદિરમાં શ્રીઠાકોરજીની મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા નિમિત્તે શ્રીમદ્‌સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ તેમજ ત્રિદિવસીય શ્રીવિષ્ણુયાગ મહોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો.

દિનાંક ૭/૮/૯ ડિસેમ્બરના શ્રીવિષ્ણુયાગનું મંદિરના પ્રાંગણમાં આયોજન કરાયું હતું. જેમાં મૂર્તિઓના સેવકો હવનમાં લાભ લઈ ધન્ય થયા હતા. દિનાંક ૯ ના બપોરપછી મહાદેવ મંદિરથી પોથીયાત્રા વાજતે ગાજતે નીકળી સભામંડપમાં પધારી હતી. દિનાંક ૧૦ ના સવારે





૯-૦૦ કલાકે પૂજ્ય સંતો ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી આદિ સંતો તથા યજમાનશ્રીઓ, વડીલ હરિભક્તો દ્વારા મહોત્સવનું દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. બાદ વ્યાસ પૂજન કરી કથાનો પ્રારંભ સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કરાવ્યો હતો. બપોરપછીના સત્રમાં ડો.સ્વામી અક્ષરમુનિદાસજી એમ વારાફરતી બે સંતો સંગીતના સથવારે શ્રીમદ્‌સત્સંગિજીવન પ્રથમ પ્રકરણની કથા સંભળાવી ભક્તોને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા.

શ્રીનરનારાયણદેવ પૂજન, શ્રીઘનશ્યામ પ્રાગટ્ય, ગાદી પટ્ટાભિષેક જેવા ઉત્સવો કથા દરમિયાન ઉજવાયા હતા. દિનાંક ૧૩ ના રોજ પ્રતિષ્ઠાને દિવસ હોવાથી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. શ્રીઠાકોરજી, સંતો, યજમાનશ્રીઓ સાથે ભુજ ચોવિસીના હરિભક્તો પોતાના ગામની મંડળીઓ



લઈ આવ્યા હતા. અને ૧ કિ.મી. લાંબી શોભાયાત્રામાં વાજીંત્રો સાથે સમૈયો કરી ભગવાનને રાજી કરવા ભક્તિ અર્પણ કરી હતી. આ શોભાયાત્રામાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી પણ



પગપાળા જોડાઈ ભક્તોને દર્શન આપી ધન્ય કર્યા હતા. ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, મંદિર બનાવનાર સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, પુ.સ્વામી શ્રીપ્રકાશદાસજી, શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી આદિ સંતોની ઉપસ્થિતિ તથા ભુજ-અંજાર-માંડવી મંદિરના ગોરના સાનિધ્યમાં પ.પુ.આચાર્ય મહારાજશ્રીએ મૂર્તિપ્રાણપ્રતિષ્ઠાનો વિધિ સંપન્ન કર્યો હતો. અને પ્રતિષ્ઠાની આરતી કરી હતી. અંજાર મંદિરમાં ૧૨૫ વર્ષથી પણ વધુ વર્ષ વિરાજી દર્શન આપેલ એજ હનુમાનજી-ગણપતિજીની આરતી કરી યજ્ઞશાળામાં પધારી શ્રીફળ હોમી સભામાં પધાર્યા હતા અને આવનાર કચ્છના હજારો હરિભક્તોને દર્શન આશીર્વાદ પાઠવ્યા હતા. પૂજ્ય મહંત સ્વામી, પૂ.જાદવજી ભગત, પૂ.બાલકૃષ્ણદાસજી સ્વામીએ આજના દિવસે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બપોરપછી ૩-૩૦ કલાકે નૂતન બંને મંદિરોમાં શ્રીઠાકોરજીની રજોપચારથી પૂજા કરવામાં આવી હતી.







સાંજે પહેલી સંધ્યા આરતી સમગ્ર ગ્રામવાસી ભક્તોએ સમૂહ આરતીના રૂપમાં કરવાનો લાભ મળ્યો હતો. પૂજાવિધિ પુ.સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા ડો. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજીએ કરાવી હતી. દિનાંક ૧૪ ના રોજ સવારે સમૂહ મહાપૂજા કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો લાભ લીધો હતો. પૂજા સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા સ્વામી તીર્થમુનિદાસજીએ કરાવી હતી. આ મંદિર બાંધકામ તથા મહોત્સવામાં





જેમની સેવા હતી એવા દાતાશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી કરાઇ હતી. આ પ્રસંગે ભુજ પ્રસાદી મંદિર, ભુજ, માંડવી, અંજાર તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાંથી સંતો પધારી આશીર્વાદ સાથે દર્શન આપ્યાં હતાં.

સંપૂર્ણ મંદિરનું બાંધકામની દેખરેખ સ્વામી નૌતમમુનિદાસજી તથા સ્વામી મુકુંદમુનિદાસજીએ રાખી હતી. ઉત્સવમાં સભામંડપ, સ્ટેજ, રસોડાની તૈયારી માટે સ્વામી રામપ્રિયદાસજી તથા ભક્તો, સંતોના ભંડારમાં સ્વામી આનંદમુનિદાસજી તથા સ્વામી દેવપ્રિયદાસજી, પહેરામણીની સેવા સ્વામી દેવવિહારીદાસજી, દૈનિક ઉત્સવની સેવા સ્વામી તીર્થમુનિદાસજી, સ્વામી વિવેકમુનિદાસજી, સ્વામી રામાનુજદાસજી આદિ સંતોએ સેવા સંભાળી હરિભક્તોને માર્ગદર્શન આપ્યું હતું. સંગીતમાં સ્વામી જનમંગલદાસજી રહ્યા હતા.

ભુજ ચોવિસી, વાગડ, અબડાસાના સા.યો. બહેનો ઉપસ્થિત રહી દિનાંક ૧૦ ના રોજ મહિલામંચનું આયોજન કરી બહેનો ભક્તોને આધુનિક સમાજમાં કેમ ભગવાનને સાથે રાખી જીવવું એની શીખ આપી હતી. અને દિનાંક ૧૩ ના રોજ રાત્રે મહારાસોત્સવનું આયોજન કરાયું હતું. બહેનો વિભાગમાં બહેનો, પુરુષ વિભાગમાં પુરુષો-સંતો સાથે રાસ રમી મહારાજમય થયા હતા. દિનાંક ૧૨ ના રોજ એકાદશી હોવાથી બપોરે સાં.યો. બહેનો સાથે બહેનોએ જાગરણ કર્યું હતું. અને રાત્રે સંતો સાથે યુવાનો તથા હરિભક્તોએ જાગરણ કરી ભગવાનને રાજી કર્યા હતા.



આ પ્રસંગે સામાજિક, રાજકીય, વિશિષ્ટ વ્યક્તિઓ ઉપસ્થિત રહી લાભાન્વિત થયા હતા. દિનાંક ૧૩ ના રોજ મંદિર ઉદ્ઘાટન મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા હોવાથી ગામની દરેક જ્ઞાતિઓને



મહોત્સવ તરફથી મહાપ્રસાદ અપાયો હતો. આવનાર ભક્તો માટે ઉત્સવમાં શેરડીનો રસ પાવામાં આવ્યો હતો. આ સેવામાં ગામ ગોધરાના કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ સેવા આપી હતી. રસોડામાં માંડવીના ચારે કાંધાના ભક્તોએ પોતાનો સહયોગ આપી મહોત્સવ સફળ બનાવ્યો હતો.

ભુજથી પધારેલ પૂજ્ય મહંત સ્વામી આદિ સંતો ખૂબ જ રાજી થયા હતા અને આ ભારાપર ગામમાં મંદિર થયું છે હવે સત્સંગ વધશે એટલે આખું ગામ સુખી થશે એવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા અને સાંજ-સવાર મંદિરે આવવા ભલામણ કરી હતી. ઉત્સવમાં સભા સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું. અને છેલ્લે આભારવિધિ રિકિનભાઇ દિનેશ કેરાઇએ કરી હતી. દેશ-વિદેશથી પધારેલ ભક્તો આ મહોત્સવ અને મંદિર નિહાળી ખૂબ જ રાજી થયા હતા.

અ - સ્વામી મુકુંદમુનિદાસજી

# અંજાર મંદિર દ્વારા ઉજવાયેલ વચનામૃત જયંતી તથા પવિત્ર ધનુર્માસ દરમ્યાન મહામંત્રની ધૂનનો પ્રારંભ

૨૦૫મી વચનામૃત જયંતી પ્રસંગ :- માગશર સુદ -૪, તા.૦૫/૧૨ના દિવસે વચનામૃત જયંતી હોવાથી ભગવાન શ્રીસ્વામિનારાયણે કહેલા વચન રૂપી અમૃતો



એટલેકે વચનામૃતનો પ્રાગટ્ય દિન હોતા ખૂબ ધામધૂમથી ઉજવાયેલ, સવારે અંજાર મંદિરના વડીલ સ.ગુ.પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, મંડળધારી શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રિયદાસજી, કોઠારી પુ.સ્વામી દેવસ્વરૂપદાસજી આદિ સંતો તેમજ હરિભક્તોએ પૂજન કરેલ હતું તથા કોઠારી શાસ્ત્રી સ્વામી શ્રીરંગદાસજીએ પૂજન કરાવેલ હતું. પૂજન બાદ પુ.સ્વામી શ્રીહરિદાસજીએ



વચનામૃતનું મહત્વ સમજાવેલ તથા દરરોજ એક વચનામૃત વાચવા જણાવેલ હતું.

પવિત્ર ધનુર્માસ દરમ્યાન મહામંત્રની ધૂનનો પ્રારંભ :- દર વર્ષે ધનુર્માસમાં સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોમાં વહેલી સવારે મહામંત્રની ધૂન કરવામાં આવે છે. તા.૧૬-૧૨ થી તા.૧૪-૦૧ સુધી ધૂનનો પ્રારંભ થયો હતો જેમાં સવારે ૬ થી ૭ માં બહોળી સંખ્યામાં હરિભક્તો લાભ લઈ રહ્યા છે. હિન્દુ પરંપરામાં ધનુર્માસમાં એક માસ સુધી લગ્ન સહિતના શુભ માંગલિક કાર્યો થઈ શક્તા નથી. આ સમયનો સંતો તથા હરિભક્તો શુભ ઉપયોગ કરીને પ્રભુ ભજન કરી રહ્યા છે. ધૂન બાદ ભક્તોને સ.ગુ.પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રિયદાસજી, કોઠારી પુ.સ્વામી દેવસ્વરૂપદાસજી આદિ સંતો દ્વારા વિવિધ પ્રવચનો તથા પ્રસાદનો ખૂબ લાભ મળી રહેલ છે. હરિભક્તો કડકડતી ઠંડીમાં પણ દરરોજ આ લાભ લેવાનું ચુક્તા નથી.

કાર્યક્રમને સફળ બનાવવા શાસ્ત્રી સ્વામી નારાયણપ્રિયદાસજી, પુરાણી સ્વામી પ્રેમવલ્લભદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી

શ્રીરંગદાસજી, પુરાણી સ્વામી કૃષ્ણવિહારીદાસજી, સંગીતજ્ઞ સ્વામી વાસુદેવપ્રિયદાસજી વિગેરે સંતો તથા મંડળના અન્ય યુવાન સંતો તથા કોઠારી સામજીભાઈ ધનજી હીરાણી, ટ્રસ્ટી મંડળના સર્વે સદસ્યો તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા સાં.યો. ત્રિવેણીબાઈ આદિ સમગ્ર સાં.યો. બહેનો તથા સર્વે નાના મોટા બાઈઓ તથા ભાઈઓ સર્વે પોતાનો કિંમતી સમય આપીને આ મહોત્સવને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવેલ છે.

- અહેવાલ : મેહુલભાઈ પ્રવિણભાઈ ઠક્કર (મહેતાજી), અંજાર.

## શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય ભુજ મધ્યે યોજાયેલ સરસ્વતી સન્માન સમારોહ - ૨૦૨૪

શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર જુનાવાસ માધાપર ( ભુજ તાબા નું) મંદિર ખાતે દ્વિતીય વાર્ષિક પાટોત્સવ નિમિત્તે ત્રી રાત્રીય સત્સંગ સભાનું આયોજન તા. ૧૪/૧૨/૨૦૨૪ થી ૧૬/૧૨/૨૦૨૪ દરમ્યાન કરવામાં આવ્યું હતું જેમાં વક્તાશ્રી સ્વામી નિર્ભયસ્વરૂપદાસજીએ શ્રી મદ્ ભાગવત દશમ સ્કંધની કથા સંભળાવી હતી જેમાં દરરોજ રાત્રે ભુજ મંદિરથી વડીલ સંતો પધારી આશીર્વાદ પાઠવેલ હતા જેમાં સદ્ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્ગુરુ સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી કેશવપ્રિયદાસજી, સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી શ્રીજીપ્રકાશદાસજી તેમજ પ્રસાદી મંદિર ભુજથી સદ્ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી હરિબળદાસજી, સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, સ્વામી રામાનુજદાસજી આદિ સંતો પધારી આશીર્વાદ પાઠવ્યા હતા૧૬/૧૨/૨૦૨૪ નાં સવારે ૭.વાગ્યે ભુજ મંદિરનાં સંતો દ્વારા ઠાકોરજીનો અભિષેક તથા અન્નકૂટ આરતી કરવામાં આવ્યાં હતાં સાથે યજમાન શ્રીઓ તથા સર્વે કાર્યવાહી કમિટી નાં હરિભક્તોએ ઠાકોરજીનો અભિષેક કરાવ્યો હતોઆ દ્વિતીય વાર્ષિક પાટોત્સવના મુખ્ય યજમાન પદે અ.ની. લાલજીભાઈ કરશન વરસાણી પુત્ર જાદવજીભાઈ લાલજી વરસાણી સહ પરિવાર રહ્યા હતા તેમજ પ્રસાદીના દાતા પ. ભ. ખીમજીભાઈ હીરાલાલ વાઘજીયાણી, જેરામભાઈ રામજી હીરાણી, તથા સામુબેન લાલજી વેકરીયા સહપરિવાર રહ્યા હતાઆ પ્રસંગે મિસ્ત્રી સમાજ ના આગેવાન શ્રી સમાજરત્ન વિનોદભાઈ સોલંકી તથા નવાવાસ સ્વામિનારાયણ મંદિરનાં ટ્રસ્ટી શ્રી જાદવજી ભાઈ ભુડિયા તેમજ નવાવાસ વિસ્તાર તેમજ જુનાવાસના સર્વે હરિભક્તો હાજર રહ્યા હતા આ કાર્યમાં મુકેશભાઈ કુંવરજી વરસાણી,



રાજેશભાઈ રાઠોડ હર્ષીદ ભાઈ ચૌહાણ, મિતેષભાઈ ચોકસી, અજયભાઈ ચોકસી, હિરેનભાઈ દરજી, ત્રિકાસભાઈ ખોખાણી એ સમગ્ર વ્યવસ્થા સંભાળી હતી. આ તમામ યુવાનોને સંતોએ બિરદાવ્યા હતા અને વિશેષ સેવા કરતા રહે એવા આશીર્વાદ પાઠવ્યા હતા આભાર વિધિ કાર્યવાહી કમિટી સભ્ય અરજણભાઈ દેવજી ભુડિયા એ કરી હતી. નવાવાસ મંદિરના હરિભક્તોની જુનાવાસ પ્રસાદી મંદિરમાં સેવા આપતા હરિભક્તો તેમજ સાંખ્યયોગી બહેનોની સેવાને બિરદાવી હતી અને સર્વે નો આભાર વ્યક્ત કર્યો હતો.

અહેવાલઃ મુકેશ કુંવરજી વરસાણી

# શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓની બેન્ડ સ્પર્ધામાં પશ્ચિમ ઝોનમાં દ્વિતીય ક્રમે વિજેતા - ગુજરાતનું ગૌરવ વધાર્યા



શિક્ષણ મંત્રાલય અને સર્વ શિક્ષા અભિયાનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ઈન્ટર સ્કૂલ બેન્ડમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ રાજ્ય કક્ષાએ પ્રથમ નંબર મેળવી ભોપાલ ખાતે યોજાયેલ પશ્ચિમ ઝોન સ્તરીય સ્પર્ધામાં ભાગ લીધેલ. જેમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી ૧૪ ટીમ માંથી દ્વિતીય ક્રમાંક મેળવેલ.

### રાજ્યમાં રગ્બી સ્પર્ધામાં ચેમ્પિયન-ગોલ્ડ મેડલ વિજેતા

અખિલ ભારતીય રમત-ગમત વિભાગ દ્વારા રાજ્ય કક્ષાની રગ્બી સ્પર્ધાનું આયોજન ગાંધીનગર મુકામે કરાયું હતું. જેમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન (ગોલ્ડ મેડલ) પ્રાપ્ત કરેલ છે.

સમગ્ર જિલ્લામાં ચેમ્પિયન થઈ રાજ્ય કક્ષાએ અન્ડર-૧૯ વિભાગમાં પ્રથમ સ્થાન (ગોલ્ડ મેડલ) પ્રાપ્ત કરી કચ્છ જિલ્લો ને સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જવલંત સફળતા પ્રાપ્ત કરે છે.

### રાજ્યમાં U-14 રગ્બી સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ વિજેતા - તૃતીય ક્રમ

અખિલ ભારતીય રમત-ગમત વિભાગ ગુજરાત સરકાર દ્વારા રાજ્ય કક્ષાની રગ્બી સ્પર્ધાનું આયોજન ગાંધીનગર મુકામે કરાયું હતું. જેમાં સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ સમગ્ર ગુજરાતમાં તૃતીય સ્થાન (બ્રોન્ઝ મેડલ-કાસ્ય ચંદ્રક) પ્રાપ્ત કરેલ છે.



સમગ્ર જિલ્લામાં ચેમ્પિયન થઈ રાજ્ય કક્ષાએ અન્ડર-૧૪ વિભાગમાં તૃતીય સ્થાન (બ્રોન્ઝ મેડલ) પ્રાપ્ત કરી કચ્છ જિલ્લા અને સંસ્થાનું નામ ગૌરવવંતુ

કરી જવલંત સફળતા પ્રાપ્ત કરેલ છે.

**રાજ્યમાં U-19 વોલીબોલ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ વિજેતા - તૃતીય ક્રમ**

અખિલ ભારતીય રમત-ગમત વિભાગ ગુજરાત સરકાર દ્વારા રાજ્ય કક્ષાની વોલીબોલ સ્પર્ધાનું આયોજન મહેસાણા મુકામે કરાયું હતું. જેમાં સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ સમગ્ર ગુજરાતમાં તૃતીય સ્થાન (બ્રોન્ઝ મેડલ-કાસ્ય ચંદ્રક) પ્રાપ્ત કરેલ છે. સમગ્ર જિલ્લામાં ચેમ્પિયન થઇ રાજ્ય કક્ષાએ અન્ડર-૧૯ વિભાગમાં તૃતીય સ્થાન (બ્રોન્ઝ મેડલ) પ્રાપ્ત કરી કચ્છ જિલ્લા અને સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જવલંત સફળતા પ્રાપ્ત કરેલ છે.



## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, શ્રીનરનારાયણદેવ ગર્લ્સ એકેડમી, શ્રીસહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટીટયુટ ભુજનો ત્રિવેણી સંગમનો વાર્ષિકોત્સવ

શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરના પ્રાંગણમાં તા.૨૧/૧૨/૨૦૨૪ના રોજ સંસ્થાના ૧૮ માં વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય અતિથિવિશેષ તરીકે શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સીટીના કુલસાચિવ ડો. અનિલભાઇ ગોર, શ્રીસ્વામિનારાયણના કોઠારીશ્રી મુરજીભાઇ શીયાણી, શ્રીકચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખશ્રી વેલજીભાઇ રામજી પિંડોરીયા, દેશ-વિદેશના દાતા રામુબેન ગોવિંદ ગોરસીયા(SVCT), હીરજીભાઇ વેલજી વાઘજીઆણી, લક્ષ્મીબેન ધનજી વેલજી ભુડિયા, સામુબેન લાલજી હિરાણી પરિવાર, ભુજ મંદિર અને સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, N.C.C.કમાન્ડીંગ ઓફિસર કર્નલ વિકાસ પ્રભાકર તેમજ અન્ય મહેમાનોની ઉપસ્થિતિ હતી.

કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય તેમજ પ્રાર્થનાથી કરવામાં આવેલ હતો. મહેમાનોનું સ્વાગત તેમજ સંસ્થાનો પ્રસંગ પરિચય સંસ્થાના મંત્રીશ્રી પ્રવિણભાઇ પિંડોરીયા દ્વારા કરાયેલ હતો.

શાળામાં સિદ્ધિ હાંસલ કરેલ દીકરીઓનું સન્માન તેમજ સંસ્થાના સમગ્ર સ્ટાફ પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું. ડો.અનિલભાઇ ગોર, સંસ્થાના પ્રમુખશ્રી રામજીભાઇના વકતવ્ય દ્વારા સંસ્થાની દીકરીઓને પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

સંસ્થાની દીકરીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. વિદ્યાભ્યાસની સિદ્ધિ, રમતગમત, સાંસ્કૃતિક, N.C.C., બેન્ડપાર્ટી તેમજ અન્ય ક્ષેત્રે જીલ્લા કક્ષાએથી રાજ્ય અને રાષ્ટ્રીય લેવલ સુધી સંસ્થાની દીકરીઓએ સિદ્ધિ હાંસલ કરેલ તમામ દીકરીઓને બિરદાવવા માટે દાનની સરવાણીનો ધોધ દાતાશ્રીઓ દ્વારા વહેતો થયો હતો.

અંતે સૌએ સમુહ પ્રસાદ લઈ કાર્યક્રમને હોંશભેર માણ્યા બાદ આ સુમંગળ અવસર પૂર્ણ થયેલ હતો.

# ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા ધાબળા વિતરણ



દર વરસની જેમ આ વરસે પણ મહંત સ્વામીની આજ્ઞાથી ભુજ મંદિર દ્વારા શિયાળાની ઠારી નાખે એવી ઠંડીમાં રહેતા અબડાસા નલીયા વિસ્તારના જરુરિયાત મંદ લોકોને ૧૦૦૦ ધાબળા, ૨૦૦૦ સ્વેટર અપાયાં હતાં. ગામ સામત્રાના હાલે મોમ્બાસામાં રહેતા પ. ભ. નારણભાઈ, અભિષેકભાઇ , હર્ષદભાઇ ભીમજી, રામજીભાઇ દબાસીયા-માનકુવા વગેરે હરિભક્તો સ્વામી ભક્તિચરણદાસજી, સ્વામી જ્ઞાનપ્રિયદાસજી આદી સંતો સાથે રહી વિતરણ સેવા કરી હતી.





# વાગડ પંથકમાં ધાબળા તથા સ્કુલબેગ વિતરણ

ભુજ મંદિરના મહંત સ્વામી તથા સ્વામી બાલકૃષ્ણદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી ગામ માંડવીના પ. ભ. માવજી લાલજી હિરાણી ધ. પ. હીરબાઇ પુત્ર નયન પુત્રી રશ્મી પરિવારે માવજીભાઈના દિનાંક ૧૩/૧૨ ના જન્મ દિવસની ઉજવણી કચ્છ વાગડ વિસ્તારના પ્રાથળ વિસ્તારના ગામોની શાળાઓમાં ૨૫૦૦ થી વધુ બાળકોને નોટ પેન સાથે અમૂક ગામોમાં સાઉંડ સિસ્ટમ , સ્કૂલ બેગ, ધાબડા, પ્રસાદ વગેરે





વિદ્યાર્થિઓને આપી કરી રાજીપો વ્યક્ત કર્યો હતો. રાપર મંદિરથી પૂજ્ય કે. પી. સ્વામી તથા મહિલા મંદિરના મહંત રમીલાબેન પણ સાથે રહ્યાં હતાં. સહયોગ ભીમજીભાઈ ગોહિલ, જીગર રાજપૂત તથા લક્ષ્મણ રાણાએ આપ્યો હતો





## શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર જુનાવાસ માધાપર (ભુજ તાબાનું) મંદિર ખાતે દ્વિતીય વાર્ષિક પાટોત્સવ નિમિત્તે શ્રી રાત્રીય સત્સંગ સભાનું આયોજન

શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર જુનાવાસ માધાપર (ભુજ તાબાનું) મંદિર ખાતે દ્વિતીય વાર્ષિક પાટોત્સવ નિમિત્તે ત્રી-રાત્રીય સત્સંગ સભાનું આયોજન તા. ૧૪/૧૨/૨૦૨૪ થી ૧૬/૧૨/૨૦૨૪ દરમ્યાન કરવામાં આવ્યું હતું જેમાં વક્તાશ્રી સ્વામી નિર્ભયસ્વરૂપદાસજીએ શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધની કથા સંભળાવી હતી. જેમાં દરરોજ રાત્રે ભુજ મંદિરથી વડીલ સંતો પધારી આશીર્વાદ પાઠવેલ હતા. જેમાં સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્ગુરુ સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી કેશવપ્રિયદાસજી, સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી શ્રીજીપ્રકાશદાસજી તેમજ પ્રસાદી મંદિર ભુજથી





સદ્ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી હરિબળદાસજી, સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, સ્વામી રામાનુજદાસજી આદિ સંતો પધારી આશીર્વાદ






પાઠવ્યા હતા. ૧૬/૧૨/૨૦૨૪ નાં સવારે ૭.૦૦ વાગ્યે ભુજ મંદિરનાં સંતો દ્વારા ઠાકોરજીનો અભિષેક તથા અન્નકૂટ આરતી કરવામાં આવ્યાં હતાં સાથે યજમાનશ્રીઓ તથા સર્વે કાર્યવાહી કમિટીનાં હરિભક્તોએ ઠાકોરજીનો અભિષેક કરાવ્યો હતો. આ દ્વિતીય વાર્ષિક પાટોત્સવના મુખ્ય યજમાન પદે અ.નિ. લાલજીભાઈ કરશન વરસાણી પુત્ર જાદવજીભાઈ લાલજી વરસાણી સહ પરિવાર રહ્યા હતા તેમજ પ્રસાદીના દાતા પ. ભ. ખીમજીભાઈ હીરાલાલ વાઘજીયાણી, જેરામભાઈ રામજી હીરાણી, તથા સામુબેન લાલજી વેકરીયા સહપરિવાર રહ્યા હતાઆ પ્રસંગે મિસ્ત્રી સમાજના આગેવાન શ્રી સમાજરત્ન વિનોદભાઈ સોલંકી તથા નવાવાસ સ્વામિનારાયણ મંદિરનાં ટ્રસ્ટી શ્રી જાદવજીભાઈ ભુડિયા તેમજ નવાવાસ વિસ્તાર તેમજ જુનાવાસના સર્વે હરિભક્તો હાજર રહ્યા હતા. આ કાર્યમાં મુકેશભાઈ કુંવરજી વરસાણી, રાજેશભાઈ રાઠોડ, હર્ષીદભાઈ ચૌહાણ, મિતેષભાઈ ચોક્સી, અજયભાઈ ચોક્સી, હિરેનભાઈ દરજી, ત્રિકાસભાઈ ખોખાણીએ સમગ્ર વ્યવસ્થા સંભાળી હતી. આ

તમામ યુવાનોને સંતોએ બિરદાવ્યા હતા અને વિશેષ સેવા કરતા રહે એવા આશીર્વાદ પાઠવ્યા હતા. આભાર વિધિ કાર્યવાહી કમિટી સભ્ય અરજણભાઈ દેવજી ભુડિયાએ કરી હતી. નવાવાસ મંદિરના હરિભક્તોની જુનાવાસ પ્રસાદી મંદિરમાં સેવા આપતા હરિભક્તો તેમજ સાંખ્યયોગી બહેનોની સેવાને બિરદાવી હતી અને સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.

અહેવાલઃ મુકેશ કુંવરજી વરસાણી

## ઉત્તર ગુજરાત પ્રદેશમાં યુવક મંડળના સંતોનું વિચરણ

ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞાથી કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ દ્વારા કચ્છ અને કચ્છ બહાર વસતા હરિભક્તોને સત્સંગનું પોષણ મળી રહે એ માટે સંતોનું સતત વિચરણ ચાલુ હોય છે. યુવક મંડળના સંતો દ્વારા તારીખ ૩-૧૨-૨૦૨૪ થી ૮-૧૨-૨૦૨૪ દરમિયાન અનેક સત્સંગ સભાઓ તથા ટીફીન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે વડનગર ત્યારબાદ ઊંઝા, વિસનગર,ડીસા અને છેલ્લે પાટણમાં રાત્રી સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્સંગ સભામાં શાસ્ત્રી સ્વામી સંતસ્વરૂપદાસજી, શા.સ્વામી પ્રેમવલ્લભદાસજી તથા સ્વામી વ્યાસસ્વરૂપદાસજીએ હાજર રહ્યા હતા. સંતો દ્વારા પ્રેજન્ટેશનના માધ્યમથી પરિવાર કેમ સુખી થાય અને કેવી રીતે સુખ શાંતિથી પરિવાર સાથે રહી શકાય, પરિવારમાં એક બીજા પ્રત્યેનો વ્યવહાર કેવો હોવો જોઈએ, બાળકોમાં સંસ્કાર આવે એના માટે એમની સાથે કેવું વર્તન રાખવું, વડીલો સાથે કેમ રહેવું વગેરે અનેક મુદ્દાઓને અનેક લાઈવ દ્રષ્ટાંત દ્વારા સમજણ આપવામાં આવી હતી. વિસનગર શહેરમાં કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ દ્વારા વચનામૃત પૂજન, સત્સંગ સભા અને દિવ્ય શાકોત્સવનું આયોજન તારીખ ૦૫/૧૨/૨૦૨૪ (વચનામૃત જયંતી) ના દિવસે કરવામાં આવ્યું હતું.

તારીખ ૮-૧૨-૨૦૨૪ ના દિવસે પાટણ મુકામે ટીફીન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ઉત્તર ગુજરાતના વડનગર, વિસનગર, સિદ્ધપુર, પાટણ, ડીસા, વિજાપુર, ઉણાદ, સિપોર જેવા અનેક ગામોમાંથી ૨૦૦ થી વધારે યુવકો, યુવતીઓ અને બાળકોએ લાભ લીધો હતો. સંતો અને વડીલો દ્વારા દીપ પ્રાગટ્ય કરી શિબિરની શરૂઆત કરવામાં આવી હતી. ત્યાર બાદ સ્વામી કુંજવિહારીદાસજીએ વચનામૃતનું શ્રવણ કરાવ્યું. ત્યારબાદ સ્વામી સંતસ્વરૂપદાસજીએ પ્રેજન્ટેશન દ્વારા મુક્તિ પ્રદા ભક્તિ વિષય પણ ઊંડાણ પૂર્વક સમજાવ્યું હતું. ત્યારબાદ સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી અને સ્વામી વ્યાસસ્વરૂપદાસજી એ મનોરંજન સાથે જ્ઞાન મળે એવી રમત રમાડી હતી. ત્યારબાદ જે જે હરિભક્તો ઘરેથી થાળ લાવ્યા હતા. તે થાળ હરિકૃષ્ણ મહારાજની આગળ અન્નકૂટ ધરાવ્યો હતો. રીસેસના સમયે અબડાસાથી પધારેલા સાંખ્યયોગી બહેનોએ શિબિરમાં પધારેલ બહેનો સાથે જ્ઞાન ગોષ્ટી કરી કરી હતી.

બપોર પછીના સત્રામાં સ્વામી પ્રેમવલ્લભદાસજીએ પોતાની આગવી શૈલીથી

હરિભજન દ્વારા સુખ વિષય પર વ્યાખ્યાન માળા રજુ કરી હરિભજનનું મહત્વ સમજાવ્યું હતું. ત્યાર બાદ ફરીથી બાળકોને રમત રમાડીને ખુબ આનંદ કરાવ્યો હતો. સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજીએ પધારેલ સૌ હરિભક્તોને આશીર્વાદ આપી વિદાય લીધી હતી. ત્યારબાદ અંતમાં સ્વામી સંતસ્વરૂપદાસજીએ યુવક મંડળ સંતોની વરણી અને એમના કાર્યો તથા યુવકમંડળના વિવિધ આયોજનો વિષે સૌને જણાવીને શિબિરની પૂર્ણાહુતી કરી હતી. આવી રીતે ખુબ સુંદર રીતે શિબિર પૂરી કરી સૌ હરિભક્તોએ અને સંતોને શિબિર સ્થળથી વિદાય લીધી હતી.

અહેવાલ :- તુલસીદાસ વી. નાકરાણી, સંયોજક, ઉત્તર ગુજરાત પ્રદેશ

# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

## ભુજમાં ભવ્ય સ્વાગત ભગવાન શ્રીહરિનું

બાળ મિત્રો, જય શ્રી સ્વામિનારાયણ ! ગત અંકમાં તમે વાંચ્યું હશે. કે કચ્છ દેશના ભક્તો ભગવાન શ્રીહરિને કેટલા પ્રીય હતા. તેથી વારંવાર શ્રીહરિ કચ્છ દેશમાં પધારતા. આ વખતે શ્રીહરિ ભુજ પધાર્યા ત્યારે ભક્તો કેવું ભવ્ય સ્વાગત કર્યું હતું. તે આપણે જાણીએ.

અંજારના ભક્તોના ભાવ પૂર્ણ કરીને ભગવાન શ્રીહરિ ભુજ જવા નીકળ્યા.

ભગવાન શ્રીહરિ ભુજ પધારે છે, તે વાત ભુજના હરિભક્તો સાંભળીને અતિ આનંદ પામ્યા. તત્કાળ પોતાનાં સર્વે વ્યવહારિક કામ પડ્યાં મુકીને રથ, ઘોડા આદિક વાહનોની સાથે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડતા, કીર્તનો ગાતા ભગવાન શ્રીહરિની સન્મુખ ગયા. સામેથી આવતા ભગવાન શ્રીહરિનાં દર્શન કરીને અતિ આનંદ પામતાં ભક્તો પોતાના જન્મને સફળ માનવા લાગ્યા. 'ભગવાનના દર્શનથી ભક્તોનો જન્મ સફળ થઈ જાય છે.!'

શ્રીહરિમાં અતિ હેતવાળાં બાઈ-ભાઈ હરિભક્તો પોતાના શરીરનું પણ ભાન ભૂલી ગયા. તેમાં જે પુરુષ ભક્તો હતા તેઓ તો ભગવાન શ્રીહરિને જોઈને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા લાગ્યા. ને બાઈયો ભક્તો દૂરથી પંચાગ પ્રણામ કરવા લાગ્યા. ગદ્ગદ્ ભાવથી હાથ જોડીને જેમનાં મન અને નેત્ર ભગવાનમાં જોડાએલા છે, અર્થાત હાથ જોડીને આગળ ઊભેલા એવા જે પ્રેમી ભક્તોને શ્રીહરિ હેતે કરીને બોલાવીને પુરુષ ભક્તોને બાથમાં લઈને ભેટતા હતા અને સ્ત્રી ભક્તોને શ્રીહરિ મીઠી વાણીથી બોલાવીને કુશળતા પૂછતા હતા.

તે સમયે કોઈક ભક્તો ભગવાન શ્રીહરિને અતિ હેતે કરીને પુષ્પના હાર પહેરાવ્યા. કેટલાક ભક્તો તો અતિ હેતે કરીને પાઘમાં પુષ્પના તોરા ધરાવ્યા. કોઈક ભક્ત ભગવાનને માટે પુષ્પનો ગજરો લાવ્યા હતા હસ્તમાં આપ્યો. ચારેબાજુ આનંદ ઉત્સવ થઈ રહ્યો હતો. ભક્તોએ લાવેલા રથ, ઘોડા આદિ વાહન ઉપર સંતોને બેસવાની આજ્ઞા કરીને. શ્રીહરિ સ્વયં સુંદર શણગારેલ ઘોડા ઉપર બિરાજમાન થયા. આગળના ભાગમાં હરિભક્તો મૃદંગ, તબલા, મંજીરા આદિક વાજિંત્ર કીર્તનની સાથે વગાડવા લાગ્યા.

આવી સુંદર શોભાએ સહિત શ્રીહરિ પુરમાં પ્રવેશ કર્યો. તે સમયે ભુજંગપુરી કેવી

શોભતી હતી ? સાક્ષાત જાણે સ્વર્ગની ઈન્દ્રપુરી શોભતી હોય ને શું ! શહેરના રાજમાર્ગને બન્ને બાજું ઊંચી હવેલીઓની અટારીઓ તો જાણે મેઘની ઘટાને સ્પર્શ કરતી હોય ને શું ? વળી તે હવેલીઓમાં ચિત્રાએલાં પક્ષીઓનાં ચિત્રો જાણે સાચા જ પક્ષીઓ હોય ને શું ? અને તે હવેલીઓને આંબાં તથા આસુપાલવના પત્રનાં તોરણ બાંધીને સુશોભિત કરી હતી. રાજમાર્ગને બન્ને બાજું ધ્વજા-પતાકા બંધાવ્યાં હતાં. તેણે કરીને સૂર્ય પણ આકાશમાં દેખાતો ન હતો. અને વળી શ્રીહરિને પ્રસન્ન કરવા સારું નાળિયેલ, સોપારી અને છબર વડે કરીને દરેક ઘરનાં આંગણામાં માંગલિક કુંભ સ્થાપન કર્યા હતા. આવી રીતેની શોભાએ યુક્ત ભુજનગરના રાજમાર્ગ ઉપર ભગવાન શ્રીહરિની શોભાયાત્રા ચાલી જતી હતી.

તે સમયે ભુજના રાજા ભારમલજી બે હાથ જોડીને અતિ હેતે કરીને શ્રીહરિની સન્મુખ આવ્યા. ચંદન પૂષ્પ હારથી પૂજા કરી. બીજા પણ અગણિત લોકો દર્શન કરવા આવેલા હતા. તે પણ દર્શન કરીને અત્યંત આનંદ પામ્યા. અને કહેવા લાગ્યા : હે પ્રભુ ! તમે ધર્મ સ્થાપન કરવા માટે અને ભક્તજનોને દુઃખ આપનારો એવો જે અધર્મ, તેનો નાશ કરવા માટે આ સર્વોપરિ સ્વામિનારાયણ અવતાર ધારણ કર્યો છે. સ્વામિનારાયણ સાક્ષાત ભગવાન છે એમ ભુજનગરના અગણિત નરનારીઓ પરસ્પર વાતો કરતાં હતાં.

ભગવાન શ્રીહરિનાં દર્શન કરતા એવાં જે ભગવાન શ્રીહરિનાં આશ્રિત જે બહેનો ભક્ત હતાં, તે શ્રીહરિની મૂર્તિ જોઈને અતિ હેતે પૂજા કરીને વારંવાર મીઠડાં લેતી હતી. કેટલીક બહેનો તો અતિ હેતથી હવેલી ઉપર ચડીને શ્રીહરિ ઉપર પુષ્પની વૃષ્ટી કરતી હતી. અને પુરુષ ભક્ત તો મોતીના થાળ ભરીને ભગવાન શ્રીહરિને ભાવથી વધાવતા હતા.

અને કેટલાક ભક્તો અતિ હેતે કરીને શ્રીહરિના ચરણારવિંદમાં મસ્તક નમાવી વંદન કરતા હતા. કોઈક ભક્તો ગદ્ગદ્ કંઠથી ભાવવિભોર થઈ બે હાથ જોડી સ્તુતિ કરતા હતા.

આવી રીતે ભગવાન શ્રીહરિ બહુ મોટા સન્માને સહિત ભુજ શહેરમાં સૌને પોતાનું દર્શન આપતા, મહાબુદ્ધિમાન અને ભગવાનના ચરણારવિંદમાં પ્રીતિવાળા એવા ભક્તરાજ સુંદરજી સુતારને ઘેર પધાર્યા. શ્રીહરિને ઉતારવા માટેની હવેલી સોના સમ ગાર તથા ચંદન ગારના લીંપડ વડે અત્યંત શોભાયમાન હતી. અને તે હવેલી આંબાનાં પત્ર અને આસુપાલવના પત્રનાં તોરણ બાંધીને સુશોભિત કરી હતી. શ્રીહરિ સુંદરજીભાઈને ત્યાં નિવાસ કર્યો. અને સંતો પાર્ષદોને પોતાના ભક્તને ઘેર ઉતારા અપાવ્યા.

તે સમયે ભુજનગરના ભક્તો ભગવાન શ્રીહરિના દર્શન કરીને અતિશય આનંદને પામ્યા. (ક્રમશઃ)

# આપણી પરંપરા આપણું ગૌરવ

બાળ મિત્રો, સમૃદ્ધિ અને વિવિધતાથી શોભતી ભારતવર્ષની પ્રાચીન પરંપરા આપણા દેશની આગવી વિશેષતા છે. એકેઅકે ક્ષેત્રમાં નિપુણ નીવડેલા મહારથીઓથી ભારતવર્ષ શોભી રહ્યું છે. અશ્વિનીકુમાર થી લઈને વાગ્ભટ, નાગાર્જુન, ચરક, સુષેણ જેવા ઋષિઓએ આયુર્વેદ અને રસાયણ શાસ્ત્રમાં અમરત્વ પ્રાપ્ત કર્યું છે.

તો આર્યભટ્ટ, વરાહ-મિહિર અને ભાસ્કરાચાર્ય જેવા મહાન, ગણિતશાસ્ત્રીઓએ વિશ્વને અંકલિપિ, શૂન્યનો ઉપયોગ, દશાંશચિહ્ન, બીજગણિત જેવી અમૂલ્ય શોધોની ભેટ આપી છે.

તેમજ રાજનીતિમાં વિદુરથી લઈને શુક્ર, કણિક, ચાણક્ય, વિદ્યારણ્ય, જેવા રાજનીતિજ્ઞઓએ આપણને રાજનીતિ અને અર્થવ્યવસ્થા શીખવી છે. પાણિનીનો અષ્ટાધ્યાયી જેવો વ્યાકરણ ગ્રંથ આજે પણ ભાષા શાસ્ત્રના જગતમાં એક અદ્‌ભુત ચમત્કાર માનવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં તેની તોલે આવે તેવો કોઈ વ્યાકરણ ગ્રંથ નથી.

તદ્‌ઉપરાંત દેશની આઝાદીના અર્વાચીન સમયમાં પણ લોકમાન્ય ટિળક, મહાત્મા ગાંધી, લાલા લજપતરાય, સારદાર પટેલ જેવી મહાનતમ વિભૂતિઓ પ્રાપ્ત થઈ છે. ખુદીરામ બોઝ, ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ, સુભાષચંદ્ર બોઝ જેવા અનેક ભારતમાતાના સપૂતો દેશ માટે સર્વસ્વ અર્પણ કરીને હસતા હસતા શહીદ થઈ ગયા છે.

આમ ભારતભૂમી માટે સર્વસ્વ ન્યોછાવર કરી દેનારા અને બલિદાન દેનારા રત્નોની પરંપરા આપણને મળી છે. મિત્રો, ભારતના સમૃદ્ધ વારસાની અમૂલ્ય પરંપરાને આપણે જાળવવાની છે. જેમાં આપણું ગૌરવ છે.

બોલો ભારત માતા ની જય...

# -: જ્ઞાન સરિતા :-

## -: જ્ઞાન માળા :-

૧. ભારતના રાષ્ટ્રીય ધ્વજમાં કેસરી રંગ શાનું પ્રતીક છે?

(અ) શક્તિ (બ) શાંતિ

(ક) હિન્દુધર્મ (ડ) સમૃદ્ધિ

૨. 'સત્યમેવ જયતે' આ રાષ્ટ્ર સૂત્ર કયા ઉપનિષદમાંથી લેવામાં આવ્યું છે?

(અ) તૈત્તિરીયોપનિષદ્

(બ) ઐતરેયોપનિષદ્

(ક) કેનોપનિષદ્

(ડ) મુણ્ડકોપનિષદ્

૩. રાષ્ટ્ર ગીત 'વંદે માતરંમ' ની રચના કોણે કરેલી છે?

(અ) રવિન્દ્રનાથ (બ) સુભાષચંદ્ર

(ક) બંકિમચંદ્ર (ડ) ભટ્ટાચાર્ય

૪. રાષ્ટ્રીય પ્રતીકમાં સિંહોની સંખ્યા કેટલી છે?

(અ) ૩ (બ) ૪

(ક) ૨ (ડ) ૬

૫. ભારતની રાષ્ટ્રીય નદી કંઈ છે?

(અ) બ્રહ્મપુત્રા (બ) યમુના

(ક) નર્મદા (ડ) ગંગા

૬. વિશ્વનું સૌથી મોટું લેખિત બંધારણ કયા દેશનું છે?

(અ) ભારત (બ) અમેરિકા

(ક) જાપાન (ડ) પાકિસ્તાન

૭. ભારતના બંધારણનો અમલ ક્યારથી થયો?

(અ) ૧૫ જાન્યુઆરી ૧૯૪૮

(બ) ૨૬ જાન્યુઆરી ૧૯૪૭

(ક) ૨૬ જાન્યુઆરી ૧૯૫૦

(ડ) ૧૫ ઓગસ્ટ ૧૯૪૭

૮. સરદાર વલ્લભભાઈનો જન્મ કયારે થયો હતો?

(અ) ૧૫ જાન્યુઆરી ૧૮૭૫

(બ) ૩૧ ઑક્ટોમ્બર ૧૮૭૫

(ક) ૧૫ ઓક્ટોબર ૧૯૦૪

(ડ) ૧૫ ઓગસ્ટ ૧૯૪૭

૯. મકરસંક્રાંતિના દિવસે શાનું વધુ મહત્ત્વ છે?

(અ) દાન (બ) સ્નાન

(ક) પૂજા (ડ) યાત્રા

૧૦. મકરસંક્રાંતિના ઉત્સવનો આનંદ લેવા લોકો શું કરે છે?

(અ) દીપમાળા (બ) અન્નકૂટ ભરીને

(ક) રંગોત્સવ (ડ) પતંગ ચગાવીને

## -: શબ્દ રચના :-

આપેલ કોયડામાં આપણા ભારત દેશના તમામ રાજયો છુપાએલાં છે તે શોધો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અ | હિ | મા | ચ | લ | પ્ર | દે | શ | તે | કે |
| રુ | મ | જ | મ્મુ | કા | શ | મી | ર | લં | ર |
| ણા | ધ્ય | દે | શ | પ | શ્ચિ | મ | બં | ગા | ળ |
| ચ | પ્ર | ના | શિ | ક | સા | ણિ | મે | ણા | ગો |
| લ | દે | કે | ર | આ | મ | પુ | ઘા | હ | ટી |
| પ્ર | શ | ત્રિ | પુ | રા | હા | ર | લ | બિ | સિ |
| દે | ને | ળ | ગુ | જ | રા | ત | ય | હા | ક્કિ |

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

### શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવી આયોજીત

# મંગલકારી શ્રીઘનશ્યામ મહોત્સવ-૨૦૨૫

## તા. ૧૦ થી ૧૬ એપ્રિલ ૨૦૨૪ સુધી

## સ્નેહભર્યું નિમંત્રણ

: વિજય ધ્વજ સ્થાપન :
તા.૧૦/૩/૨૦૨૫ સોમવાર
ફાગણ સુદ-૧૧

: પોથીયાત્રા :
તા.૯/૪/૨૦૨૫ ગુરુવાર
ચૈત્ર સુદ-૧૨

: પ્રારંભ :
તા.૧૦/૪/૨૫ ગુરુવાર
ચૈત્ર સુદ-૧૩

: પૂર્ણાહુતિ :-
તા.૧૬/૪/૨૦૨૫ બુધવાર
ચૈત્ર વદ-૩

માંડવી મંદિરમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજને આ વર્ષે ૨૫ વર્ષ પૂર્ણ થાય છે. એના અનુસંધાને શ્રીઘનશ્યામ મહારાજને સુવર્ણના વાઘા જેવાં અનેકવિધ ધાર્મિક અને સામાજીક આયોજનો સાથે મંગલકારી શ્રીઘનશ્યામ રજત જયંતી મહોત્સવ ભક્તિભાવ પૂર્વક ધામધૂમથી ઉજવવામાં આવશે.

આ રજત જયંતી મહોત્સવ અને સુવર્ણ વાઘામાં સેવા કરવા ઈચ્છતા હરિભક્તોએ માંડવી મંદિરના કોઠાર (ઓફિસ)માં આપની યથાશક્તિ સેવા માટે જરૂર સંપર્ક કરવો.

આ રજત જયંતી મહોત્સવમાં જેની રૂપિયા ૨૫૦૦૦-૦૦ પચીસ હજાર સુધીની સેવા હશે તથા સુવર્ણ વાઘા દાનમાં રૂપિયા ૭૫૦૦૦-૦૦ પંચોતેર હજાર સુધીની સેવા કે એટલી કિંમતનું સુવર્ણદાન હશે એ પરિવારનું આમંત્રણ પત્રિકામાં અવશ્ય નામ મુકવામાં આવશે.

આવો અમૂલ્ય લાભ લઈ શ્રીઘનશ્યામ મહારાજનો રાજીપો પ્રાપ્ત કરીએ.

કોઠારી સ્વામીશ્રી, સંપર્ક :- ૯૪૨૮૮૯૫૮૯૬




**સંપર્ક નં.: ૯૯૧૩૯ ૨૦૧૧૫**



શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્-ચાંદ્રાણીનું ખાતમુર્હૂત ભુજ મંદિરના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી ભુજ મંદિર સ્થાપિત રાપર ગુરુકુળ સંચાલિત અંજાર તાલુકાના ચાંદ્રાણી ગામ મુકામે વૈદિક ગુરુકુલમ્ની સ્થાપના થશે. જેમનું **ખાતમુર્હૂત દિનાંક ૨૨/૧/૨૦૨૫, પોષ વદ-૮, ૨૦૮૧ બુધવારના** રોજ ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી દેવવ્રત આચાર્યજી તથા ભુજ મંદિરના મહંત સ્વામીના વરદ હસ્તે થશે.

આપ સૌને આ પાવન દિવ્ય પ્રસંગે પધારવા હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

નિમંત્રક :- પ્રસાદી મંદિરના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીના જય શ્રીસ્વામિનારાયણ

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૨૫૧- અ.નિ.માનબાઈ રામજી જેશાણી, હસ્તે રામજી વાલજી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- રતિલાલ ધનજી રાબડીયા નવી ગાડી લીધી તે નિમિતે - બળદિયા

૨૫૧- રતિલાલ ધનજી રાબડીયા દોહિત્રી દર્શનાના નામકરણ નિમિતે - બળદિયા

૨૦૦- અ.નિ. નાનજી મનજી વરસાણી પરિવાર હસ્તે-કાનજી ગોવિંદ વરસાણી - માનકુવા

૨૦૦- અશોક વિશ્રામ ભુડિયા વિદેશ જતા હોવાથી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - માધાપર

૨૦૧- નરેશભાઈ હરમાનભાઈ બ્રહ્મભટ્ટ પિતાશ્રીની ૨૫મી પુણ્યતિથી નિમિતે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - અમદાવાદ હાલે ભુજ

૫૦૦- નારાણ હરજી ગામી ધનુર્માસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે -કેરા

૫૦૦- મયુર જીતેન્દ્ર ભુડિયા બેન્કમાં નોકરી મળતા શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે માધાપર હાલે-લંડન

શ્રી ગણેશાય નમઃ ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ શ્રી નરનારાયણાય નમઃ ॥

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

**પોથીયાત્રા : સં. ૨૦૮૧, ફાગણ વદ ૧૪, શુક્રવાર , તા. ૨૮-૩-૨૦૨૫**

**કથા પ્રારંભ : સં. ૨૦૮૧, ફાગણ વદ અમાસ, શનિવાર, તા.૨૯-૩-૨૦૨૫**

**કથા સમાપ્તિ સં.૨૦૮૧, ચૈત્ર સુદ-૭, શુક્રવાર, તા.૪-૪-૨૦૨૫**

**નારાયણ યજ્ઞ : સં. ૨૦૮૧, ચૈત્ર સુદ-૮, શનિવાર , તા. ૫-૪-૨૦૨૫**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૨૮-૩-૨૦૨૫ થી તા. ૪-૪-૨૦૨૫ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

**એક પોથીના રૂા. ૨૫,૦૦૦/- પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.**
**૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.**

**નારાયણયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.**

**૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦-૧૦ પાસ આપવામાં આવશે.**
**સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.**

**જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮x૧૨ સાઇઝ) તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.**

**: કથા સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,**

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2025/UPTO 31-12-2025

# ભુજ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર ભારાપર માંડવીમાં નૂતન મંદિરમાં મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તથા ત્રિદિવસીય શ્રી વિષ્ણુ યાગનું ભવ્ય આયોજન કરાયું.











